# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત અધિનિયમ નં. ૨૩/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Established vide Government of Gujarat Act No. 23/2015 ]


**પરીપત્ર:**

**વિષય: " કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી(અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ–૨૦૧૩ અંતર્ગત અભ્યાસમાં સહભાગી થવા બાબત**

સંદર્ભ:મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: GRC/POSH ACT-સંશોધન/૬ તા.૨૪/૦૮/૨૦૨૩

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે સંદર્ભ પત્ર અનુસાર " કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી(અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ ૨૦૧૩" અમલી બનાવવામાં આવેલ છે,રાજ્યમાં આ કાયદાનું અમલીકરણ અસરકારક રીતે થાય તે માટે જેન્ડર રીસોર્સ સેન્ટર,મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા કાયદાની જાગૃતિ અને તેના અમલીકરણની સ્થિતી અંગે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સંકલનમાં ઓનલાઈન અભ્યાસ કરવામાં આવી રહેલ છે. આ અભ્યાસ રાજ્યમાં કાયદાના અસરકારક અમલીકરણ માટે ખુબ જ ઉપયોગી બની રહે તેમ હોવાથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો,અનુસ્નાતક કેન્દ્રો તથા અનુસ્નાતક ભવનો ખાતે તમામ પ્રોફેસર, કર્મચારી તેમજ કોલેજના વિદ્યાર્થીઓને આ અભ્યાસમાં સહભાગી થવા તથા નીચે આપેલ લીક મુજબ ફરજીયાત સચોટ અને સાચી માહિતી ભરવા અનુરોધ કરવામાં આવે છે.

**નોંધ: માહિતી ભરવા/પ્રશ્નાવલી ભરવાની લીક:**

https://wcd.gujarat.gov.in/initiativedetails?id=276

ડૉ.ડી.એચ.સુખડીયા
**કા.કુલસચિવ**

બિડાણ:

- સંદર્ભ પત્રની નકલ

ક્રમાંક:બીકેએનએમયુ/રજી/૨૦૮/૨૦૨૩
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા,જુનાગઢ. તા.૨૮/૦૮/૨૦૨૩

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:

- માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
- આઈ.ટી. સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

G-AC/POSH ACT - સંશોધન/૬


**મહિલા અને બાળ વિકાસ વિભાગ**
ગુજરાત સરકાર
૯/૬, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦



**કે. કે. નિરાલા,** આઈ.એ.એસ.
**સચિવ**


તા. ૨૪/૮/૨૦૨૩

પ્રતિ

વાઈસ ચાન્સેલરશ્રી
તમામ યુનીવર્સીટી / વિદ્યાપીઠ
ગુજરાત રાજ્ય

આપ સુવિદિત છો તેમ, રાજ્ય સરકાર દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીના નિયંત્રણ અને રક્ષણ માટે **"કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩"** અમલી બનાવવામાં આવેલ છે, રાજ્યમાં આ કાયદાનું અમલીકરણ અસરકારક રીતે થાય તે માટે જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા રાજ્યમાં કાર્યરત તમામ સરકારી અને ખાનગી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સંગઠિત ક્ષેત્રો અને અસંગઠિત ક્ષેત્રોમાં કાયદાની જાગૃતિ અને તેના અમલીકરણની સ્થિતિ અંગે રાષ્ટ્રીય રક્ષા યુનીવર્સીટીના સંકલનમાં ઓનલાઈન અભ્યાસ કરવામાં આવી રહેલ છે.

આ અભ્યાસ રાજ્યમાં કાયદાના અસરકારક અમલીકરણ માટે ખુબજ ઉપયોગી બની રહે તેમ હોવાથી, આપની યુનીવર્સીટી અને યુનીવર્સીટી હસ્તક કાર્યરત તમામ કોલેજના તમામ પ્રોફેસર, કર્મચારી તેમજ કોલેજના વિદ્યાર્થીઓ (સ્ત્રી અને પુરુષ) ને આ અભ્યાસમાં સહભાગી બનાવી તેઓને નીચેની લીંક આધારે ફરજીયાત પણે સચોટ અને સાચી માહિતી ભરવા (પ્રશ્નાવલી) સુચના આપવા વિનંતી છે.

નોધ : માહિતી ભરવા/પ્રશ્નાવલીની લીંક https://wcd.gujarat.gov.in/initiativedetails?id=276

(કે.કે.નિરાલા)

R/ P.S. to R


**ફોન નં. :** ૯૧-૭૯-૨૩૨૫૪૮૨૨ - ૨૩૨૫૨૦૭૬ **ફેક્સ નં. :** ૦૭૯-૨૩૨૫૪૮૨૩
**ઈ-મેઈલ :** sec-wncw@gujarat.gov.in



VC OFFICE
Inward No. 203
Dt. 25/8/2023

REGISTRAR OFFICE
Inward No. 145
Dt. 25/8/2023